# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-06-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. રાજ્યમાં આ વર્ષે “વન કવચ” પહેલ હેઠળ જાપાનીઝ પદ્ધતિથી 400 હૅક્ટર વિસ્તારને ગાઢ જંગલમાં પરિવર્તિત કરાશે
2. વિશ્વ પર્યાવરણ દિવસ 2025 અભિયાન અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધીમાં 14 હજાર 505 ટનથી વધુ પ્લાસ્ટિક કચરો એકત્રિત કરાયો
3. મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર વિધાનસભા બેઠક પર પ્રચાર માટે ભાજપે 40 સ્ટાર પ્રચારકની યાદી જાહેર કરી.
4. બનાસકાંઠાના દાંતા તાલુકામાં ક્ષયના 468 કેસ પૉઝિટિવ અને 18 હજાર શંકાસ્પદ કેસ
5. રાજ્યમાં આગામી 3 દિવસ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT VAN KAVACH

રાજ્યમાં આ વર્ષે "વન કવચ" પહેલ હેઠળ જાપાનીઝ મિયાવાકી પદ્ધતિથી 400 હેક્ટર વિસ્તારને ગાઢ જંગલમાં પરિવર્તિત કરાશે. વર્ષ 2023-24માં રાજ્યના 85 સ્થળ પર 100 હેક્ટર વિસ્તારમાં અને વર્ષ 2024-25માં 122 સ્થળ પર વધુ 200 હેક્ટર ક્ષેત્રમાં "વન કવચ" તૈયાર કરાયું છે. એટલું જ નહીં, વન કવચ પહેલ દ્વારા શહેરી વનીકરણ મામલે ગુજરાત અન્ય રાજ્યો માટે ઉદાહરણરૂપ બન્યું છે. સાંભળીએ એક અહેવાલ.

(V/C- HANSINI VAJA)

*( રાજ્યમાં ઝડપથી વૃક્ષ ઉગાડવા માટે સરકારે વન કવચ બનાવવાનું બીડું ઝડપ્યું છે. આ કવચ શહેરી, ઉપ-શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં લીલું આવરણ બનાવીને હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ શોષે છે. તેનાથી વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિનું જતન થાય છે. આવતીકાલે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાશે. ત્યારે રાજ્યમાં મિયાવાકી પદ્ધતિથી વન કવચ બનાવવાની પહેલ પર્યાવરણ સંરક્ષણમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. ઉલ્લેખનીય છે કે, મિયાવાકી પદ્ધતિથી ઓછા સમયમાં એક મોટા વિસ્તારમાં વિશાળ જંગલ બનાવી શકાય છે. આ જંગલ પ્રતિ હેક્ટર 10 હજાર વિદેશી રોપા વાવીને તૈયાર કરાય છે. આ પદ્ધતિથી બનતું ગાઢ જંગલ પરંપરાગત વાવેતર કરતાં 10 ગણું ઝડપી વિકસે છે અને તે 30 ગણા વધુ ગીચ હોય છે.)*

સમાચાર વિભાગથી હંસીની વાજા, આકાશવાણી, અમદાવાદ.

. . . . . . . . . . .

# PLASTIC FREE GUJARAT

વિશ્વ પર્યાવરણ દિવસ 2025 અભિયાન અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધીમાં 14 હજાર 505 ટનથી વધુ પ્લાસ્ટિક કચરો એકત્રિત કરાયો છે. અભિયાન હેઠળ રાજ્યભરમાં બે હજાર 841-થી વધુ સ્વચ્છતાલક્ષી કાર્યક્રમ યોજાયા. તેમાં બે લાખ 23 હજારથી વધુ પર્યાવરણપ્રેમી સ્વયંસેવક જોડાયા હતા. સાંભળીએ એક અહેવાલ.

(V/C- AJAY INDREKAR)

*(.... પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા દેશભરમાં "પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત" જેવા વિષય સાથે 22 મે-થી પાંચ જૂન સુધી વિશેષ અભિયાન ચલાવાયું. અભિયાન અંતર્ગત રાજ્યભરમાં યોજાયેલા કાર્યક્રમમાં સફાઈ કામગીરી, વૃક્ષારોપણ, દરિયાકાંઠાની સફાઈ, ઈ-બાઈક રેલી, શેરી નાટક, કાપડની થેલીઓનું વિતરણ, સેમિનાર અને એક વખત ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિક સામે અમલીકરણ પગલાં જેવી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાઈ. આ ઝૂંબેશની પહોંચ વધારવા શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં પૉસ્ટર, હૉર્ડિંગ્સ અને બેનર્સ સાથે સમગ્ર રાજ્યમાં 15 દિવસનું રેડિઓ જાગૃતિ અભિયાન પણ શરૂ કરાયું છે.*

*સમાચાર વિભાગથી અજય ઈન્દ્રેકર, આકાશવાણી, અમદાવાદ.)*

. . . . . . . . . . .

# PARYAVAN DIVAS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આવતીકાલે ગાંધીનગરમાં રાજ્યકક્ષાનો વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણી સમારોહ યોજાશે. મહાત્મા મંદિર ખાતે બપોરે યોજાનારા સમારોહમાં વન અને પર્યાવરણ મંત્રી મુળૂભાઈ બેરા, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .

# BY ELECTION BJP YADI

મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર વિધાનસભા બેઠક પર પ્રચાર માટે ભાજપે 40 સ્ટાર પ્રચારકની યાદી જાહેર કરી. આ યાદીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ, કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા, સાંસદ પરશોત્તમ રૂપાલા, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિતના નેતાઓનો સમાવેશ કરાયો છે.

ઉલ્લેખનીય છે કે, કડી બેઠક પરથી ભાજપે આ વખતે રાજેન્દ્ર ચાવડાને ટિકિટ આપી છે. આગામી 19 જૂને આ બંને બેઠકની પેટાચૂંટણી યોજાશે.

. . . . . . . . . . .

# GNR EDUCATION MEETING

શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ આજે રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના વિવિધ મુદ્દાઓની વિસ્તૃત સમીક્ષા કરી. ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ બે ખાતે યોજાયેલી બેઠકમાં શ્રી પાનશેરિયાએ વર્ગખંડોની વર્તમાન સ્થિતિ અને જરૂરિયાત, મંજૂર થયેલા સ્માર્ટ ક્લાસ અને તેમની અમલવારી તેમજ મંજૂર થયેલ કમ્પ્યૂટર લેબ્સ અને તે માટેની કામગીરીની સમીક્ષા કરી. દરમિયાન તેમણે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચન પણ આપ્યા.

. . . . . . . . . . .

# BANASKANTHA TB CASES

બનાસકાંઠાના દાંતા તાલુકામાં ક્ષયના 468 કેસ પૉઝિટિવ આવ્યા છે. જ્યારે 18 હજાર કેસ શંકાસ્પદ હોવાનું જણાયું છે. અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે, આરોગ્ય વિભાગ દ્વારા ગામડાઓનો સરવે કરતાં વર્ષ 2024-25માં ક્ષયના 468 જેટલા કેસ પૉઝિટિવ મળ્યા છે. હાલમાં આરોગ્ય વિભાગ દ્વારા 100 દિવસનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તે અંતર્ગત આરોગ્ય કર્મચારીઓ આંતરિયાળ વિસ્તારમાં જઈ ક્ષયના દર્દીઓની ઓળખ કરી રહ્યા છે. આ અંગે દાંતા તાલુકા આરોગ્ય અધિકારી ડૉક્ટર કિરણ ગમારે વધુ માહિતી આપી.

(BYTE- DR. KIRAN GAMAR, TALUKA HEALTH OFFICER, DANTA)

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# MAHISAGAR KRUSHI ABHIYAN

મહીસાગર જિલ્લામાં “વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન” હાથ ધરાયું છે. તે અંતર્ગત કૃષિ વૈજ્ઞાનિક ડૉક્ટર જયપાલસિંહ જાદવ, બાગાયત અને ખેતીવાડી વિભાગના અધિકારીઓએ વિરપર તાલુકાના આસુંદરિયા, રતનકૂવા અને વરધારા ગામની મુલાકાત લીધી. દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સહિતની માહિતી અપાઈ. આ અંગે કૃષિ વૈજ્ઞાનિક ડૉ. જયપાલસિંહ જાદવે વધુ માહિતી આપી.

**(BYTE- DR. JAYPALSINH JADAV, AGRI SCIENTIST)**

છોટા ઉદેપુર જિલ્લામાં પણ “વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન” માટે ત્રણ ટુકડી બનાવવામાં આવી છે. આ ટુકડી દરરોજ છ ગામમાં જઈ અંદાજે એક હજાર 200થી વધુ ખેડૂતોને માર્ગદર્શન આપી રહી છે. અત્યાર

**સુધીમાં જિલ્લામાં આ અભિયાન અંતર્ગત કુલ 36થી વધુ ગામમાં સાત હજારથી વધારે ખેડૂતને લાભ અપાયા છે.**

. . . . . . . . . . .

# World Envirnment Day-DISTRICT

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીને લઇ રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમ યોજાઇ રહ્યા છે.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા બિનજરૂરી વસ્તુઓને નવું સ્વરૂપ આપી નવી વસ્તુ બનાવવાનું અભિયાન શરૂ કરાયું. મહાપાલિકાએ બગીચાઓ સહિત શહેરની અનેક જગ્યાઓ પર પ્લાસ્ટિકના કચરામાંથી બનેલા બાકડા મૂક્યા. ઉપરાંત પ્લાસ્ટિક બોટલ ક્રશર મશીન થકી કપડાં, જીન્સ અને પ્લાસ્ટિકની અન્ય ફરી ઉપયોગમાં લઇ શકાય તેવી વસ્તુઓ તૈયાર કરવામાં આવી.

બોટાદના રાણપુર બરવાળામાં વૃક્ષારોપણ અને સફાઇ અભિયાન હાથ ધરાયું. તેમજ કપડાંની થેલીનું વિતરણ કરાયું.

. . . . . . . . . . .

# GUJARAT BOARD

ધોરણ 10 અને ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ બૉર્ડની પરીક્ષાના પરિણામ બાદ ગુણ ચકાસણી, ઉત્તરવહી અવલોકન અને O.M.R. કૉપી મેળવવા

વિદ્યાર્થીઓએ અરજી કરી હતી. ચકાસણીની પ્રક્રિયાના અંતે આખરી સુધારા દર્શાવતો રિપોર્ટ, OMR કોપી અને વેરિફિકેશન રિપોર્ટ બોર્ડની વેબસાઈટ WWW.GSEB.ORG અથવા SCI.GSEB.ORG પર ઑનલાઈન મૂકાયો છે. વિદ્યાર્થીઓ આગામી 14 જૂન સુધી આ રિપોર્ટ ડાઉનલોડ કરી શકશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .

## GUJARAT WEATHER

રાજ્યમાં આગામી ત્રણ દિવસ સામાન્યથી મધ્યમ અને સાત દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી છે. આ સમયગાળા દરમિયાન પવનની ઝડપ 30થી 40 કિલોમીટર પ્રતિકલાકની રહી શકે છે.

બીજી તરફ, આવતીકાલે બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ, અરવલ્લી, મહીસાગર, ખેડા, પંચમહાલ, દાહોદ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, વલસાડ, નવસારી, દમણ, દાદરા નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે તેમ હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE- DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

. . . . . . . . . . .

## RAIN

રાજ્યમાં આજે સવારે છ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધીમાં 10 તાલુકામાં સામાન્ય વરસાદ થયાના અહેવાલ છે. સત્તાવાર યાદી મુજબ સૌથી વધુ એક ઇંચ જેટલો વરસાદ નવસારીના ચીખલી અને નવસારી તેમજ વડોદરાના વાઘોડિયા તાલુકામાં નોંધાયો. જ્યારે વલસાડના ઉમરગામ, કપરાડા સહિતના તાલુકામાં અડધા ઇંચ અને તેનાથી ઓછો વરસાદ વરસ્યો.

ભરૂચના જંબુસરમાં પણ વાતાવરણમાં ફરી પલટો આવતાં ગત મોડી રાતથી વિવિધ ગામમાં વરસાદ વરસ્યો. ઉલ્લેખનીય છે કે છેલ્લા 15 દિવસથી ભરૂચમાં સતત વરસાદને લીધે પાકને નુકસાન થયું છે.

. . . . . . . . . . .

# SOMNATH MAHA AARTI

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથમાં ત્રિવેણી સંગમ ખાતે આવતીકાલે ગંગાદશેરા નિમિત્તે ગંગા અવતરણ પૂજા અને મહાઆરતી કરાશે. દરમિયાન ભગવાન શિવજીની સ્તોત્રના પઠન સાથે વિધિવત્ પૂજા કરી તેમની જટા પર ગંગાજળનો અભિષેક કરાશે. આ ઉપરાંત ભક્તો ત્રિવેણી માતાની મહાઆરતી કરી જળ સ્થાપત્યની સ્વચ્છતાની પ્રતિજ્ઞા લેશે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ પાવન પ્રસંગમાં તમામ ભક્તોને જોડાવવા અપીલ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, જેઠ શુક્લ દશમ એટલે કે, ગંગા દશેરાના પવિત્ર અવસરે માતા ગંગાનું પૃથ્વી પર અવતરણ થયું હોવાનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. આ દિવસે ગંગામાતાના દર્શન, પુજા અને આરતીનું અનેરું મહત્વ છે.

. . . . . . . . . . .

# GANDHINAGAR RIVERFRONT VISIT

ગાંધીનગર જિલ્લામાં રિવરફ્રન્ટની કામગીરીનો આરંભ થયો છે. જિલ્લા કલેક્ટર મેહુલ દવેએ આજે પિરોજપુર અને શાહપુર ખાતે ચાલતી જમીન માપણીના કાર્યસ્થળની મુલાકાત લીધી. તેમણે આ રિવરફ્રન્ટ ગાંધીનગરના વિકાસ સાથે લોકો માટે વિશેષ સુવિધાયુક્ત ભેટ બની રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

. . . . . . . . . . .